# કોલેજમાં મોડા પ્રવેશના કારણે ઊભી થતી શૈક્ષણિક સમસ્યાઓ(અધ્યાપકોની દ્રષ્ટિએ)

અલ્પેશ મારૂ
એમ ફિલ સ્કોલર,
ગૂજરાત વિધાપીઠ, અમદાવાદ

**સારાંશ**

*પ્રસ્તુત સશોધન શૈક્ષણિક વર્ષ2018 - 2019દરમ્યાન સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કોલેજમાં અગમ્ય કારણોસર મોડા પ્રવેશને કારણે શિક્ષકોના પક્ષે કેવા પ્રકારની શૈક્ષણિક )શૈક્ષણિક આયોજન, વિધાર્થી સાથેની આંતર ક્રિયા, અભ્યાસક્મ સબંધિત (સમસ્યાઓ ઉદભવે છે તે જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, સર્વે પદ્ધતિ દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી હતી, સહેતુક પદ્ધતિથી એક બી.એડ્. કોલેજનો નમૂના તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. માહિતી એકત્રિત કરવા માટે ઓનલાઈન ગુગલ ફોર્મમાં અભિપ્રાયાવલી બનાવવામાં આવી હતી જેની લિંક અધ્યાપકોને વોટ્સએપ દ્વારા મોકલવામાં આવી હતી અને મળેલ પ્રતિચારોને ટકામાં ફેરવી અભિપ્રાયો જાણવામાં આવ્યા હતા. જેમાં જાણવામાં આવ્યુકે બી.એડ્. કોલેજમાં મોડા પ્રવેશને કારણે અધ્યાપકો ઘણી બધી શૈક્ષણિક સમસ્યાઓ અનુભવતા હોય છે જેમકે શિસ્ત, વિધાર્થીની હાજરી, અધ્યાપન કાર્ય, અધ્યાપકોનું શૈક્ષણિક આયોજન, વિધાર્થી સાથેના સબંધો વગેરે.*

**મહત્વના શબ્દો :** *શૈક્ષણિક સમસ્યા, મોડો પ્રવેશ, બી.એડ્. કોલેજ, અધ્યાપકો*

## ૧. પ્રસ્તાવના

દરેક ક્ષેત્રે સમસ્યાથી ભરેલ છે પછી તે આર્થિક, રાજનૈતિક, સામાજિક, ભૌતિક- રસાયણિક કે બીજુ કોઈ ક્ષેત્રે હોય આ સમસ્યાઓ મૂલગત હોય, વ્યાવહારિક હોય કે દરરોજની ક્રિયાઓ સાથે સંકળાયેલી હોય છે, પ્રસ્તુત સંશોધન એ શૈક્ષણિક સમસ્યાને લગતું છે, શિક્ષણના ક્ષેત્રે અવનવી સમસ્યાઓ સર્જાતી હોય છે અને તેને લગતુ નિરાકરણ પણ આવતું હોય છે, શૈક્ષણિક સંસ્થામાં કોઈ કારણસર જો પ્રવેશ મોડુ થાય તો તેના કારણે વહીવટી, સામાજિક, આર્થિક, શૈક્ષણિક વગેરે જેવી સમસ્યાઓ ઉદભવે છે આ સમસ્યાઓ વિધાર્થી પક્ષે હોય છે અને શિક્ષકો કે સમાજ પરત્યે હોય છે કારણકે શિક્ષણની અવિરત યાત્રાના આ ત્રણ ઘટકો છે, શિક્ષક -વિધાર્થી અને સમાજ એ શિક્ષણની પ્રક્રિયાના ત્રણ ધ્રુવો છે )જ્હોન ડ્યુઈ (તેથી ઉદભવતી શૈક્ષણિક સમસ્યાઓ સાથે આ ત્રણ ઘટકો પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સંકળાય છે, અહી સંશોધન માં આ ત્રણ ધ્રુવોમાના અધ્યાપકનો મોડા પ્રવેશના કારણે ઉદભવી શૈક્ષણિક સમસ્યા જાણવા સમાવેશ કરવામાં આવેલ છે.

## ૨. મહત્વના શબ્દોની વ્યાખ્યાઓ

### *૨.૧ બી.એડ્. કોલેજ*

શૈક્ષણિક વર્ષ2018 - 2019માં એસ પી યુનિવર્સિટી દ્વારા અગમ્ય કારણોસર મોડા પ્રવેશ આપેલ બી.એડ્. કોલેજો

### *૨.૨ અધ્યાપકો*

મોડુ પ્રવેશ આપેલ બી.એડ્. કોલેજમાં અભ્યાસ કરાવતા અધ્યાપકો / અધ્યાપક

### ૩. સંશોધનનો હેતુ

૧.બી.ઍડ્. કોલેજમાં મોડા પ્રવેશના કારણે અધ્યાપકો કેવા પ્રકારની શૈક્ષણિક સમસ્યા અનુભવે છે તે જાણવું

### ૪. ઉત્કલ્પના

૧.બી.ઍડ્. કોલેજમાં મોડા પ્રવેશના કારણે અધ્યાપકોને શૈક્ષણિક સમસ્યા અનુભવતા નહિ હોય.

### ૫. પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન સર્વે પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું .સંશોધકની મર્યાદાના કારણે સહેતુક પધ્ધતિથી 1 બી.ઍડ્. કોલેજને નમૂના તરીકે પ્રસ્તુત સંશોધનમાં સમાવેશ કરવામાં આવ્યો હતું, આ સંસ્થાના આચાર્યશ્રીની પૂર્વ પરવાનગી લઈને આ સંસ્થામાં અધ્યાપન કાર્ય કરાવતા 6 અધ્યાપકોને અભિપ્રાયવલી આપવામાં આવેલ અને તેમાંથી 5 અધ્યાપકોએ તેમના પ્રતિચરો આપ્યા હતા જેમાં 2 સ્ત્રી અધ્યાપિકા અને 3 પુરુષ અધ્યાપકો હતા . મળેલ અભિપ્રાયોનું ગૂગલ ફોર્મમાં ટકામાં રૂપાંતર કરવામાં આવ્યુ હતું .

### ૬. અભિપ્રાયવલીની રચના

પ્રસ્તુત સંશોધનમાં ગૂગલ ફોર્મ દ્વારા બનાવવામાં આવેલ ઓનલાઈન અભિપ્રાયવલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, આ અભિપ્રાયવલી નીચેના ઘટકોને ધ્યાનમાં રાખી બનાવવામાં આવી હતી .

- શૈક્ષણિક આયોજન, વિધાર્થી સાથેની આંતર ક્રિયા, અભ્યાસક્રમ સબંધિત

### ૭. સંશોધનનાં તારણો

બધાજ અધ્યાપકો માને છે કે મોડા પ્રવેશના કારણે શૈક્ષણિક કામનું ભારણ વધે છે, વાર્ષિક આયોજન ખોરવાય, સમયની અછૂત વર્તાય છે, સેમેસ્ટર પ્રથા પ્રમાણે ચાલવામાં તકલીફ ઊભી થાય છે અને શૈક્ષણિક કાર્ય સમયસર પૂર્ણ કરવામાં તકલીફ પડે છે .20%નો અભિપ્રાય છે કે શૈક્ષણિક કાર્ય પૂર્ણ કરવામાં ઔપચારિકતા આવતી નથી જ્યારે80 % માને છે કે ઔપચારિકતા આવે છે., પરિણામ ઓછુ આવવાની શક્યતા વધે છે,40 % અધ્યાપકોનું માનવું છે કે શક્યતા વધતી નથી જ્યારે60 % અધ્યાપકો માને છે કે મોડા પ્રવેશના કારણે પરિણામ ઓછુ આવે છે .શૈક્ષણિક આયોજન સંતોષકારક થતુ નથી આ વિધાન માટે 20%નું એવું માનવું નથી જ્યારે80 % માને છે કે શૈક્ષણિક આયોજન સંતોષકારક થતું નથી. 80% માને છે કે શૈક્ષણિક કાર્યની ગુણવતા ઘટે છે અને શિક્ષક પ્રત્યેનો અસંતોષ વધે છે. 40%નો અભિપ્રાય છે કે અભ્યાસક્રમ પૂર્ણ કરવામાં ઉતાવળ થતાં વિધાર્થી સાથે સંઘર્ષ પેદા થાય છે જ્યારે બાકીના એવો અભિપ્રાય ધરાવતા નથી . મોડા પ્રવેશને કારણે ઉડાણ પૂર્વક અધ્યયન કરાવી શકાતુ નથી .શિક્ષક અને વિધાર્થી સબંધો ખોરવાય છે40 % અધ્યાપકો ના કહે છે જ્યારે60 % અધ્યાપકોનો અભિપ્રાય છે કે સબંધો ખોરવાય છે. મોડા પ્રવેશના કારણે હાજરીની સમસ્યા ઉદભવે છે

### ૮. ઉપસંહાર

બી.ઍડ્. કોલેજમાં મોડા પ્રવેશને કારણે અધ્યાપકો ઘણી બધી શૈક્ષણિક સમસ્યાઓ અનુભવતા હોય છે જે તારણો પરથી ખ્યાલ આવે છે. આ સમસ્યાઓ શિસ્ત, વિધાર્થીની હાજરી, અધ્યાપન કાર્ય, અધ્યાપકોનું શૈક્ષણિક આયોજન, વિધાર્થી સાથેના સબંધો વગેરેને લગતી છે .મોડા પ્રવેશના કારણે વિધાર્થીના પરિણામ પર પણ અસર થાય છે અને વિધાર્થીઓમાં વૈફલ્ય ઉદભવે છે જેનાથી અધ્યાપક અને વિધાર્થી સાથેના સબંધો ખોરવાય છે અને અધ્યાપક તથા વિધાર્થી બંને માનસિક તાણમાં રહે છે .

### સંદર્ભસૂચિ

1. B. Ed ) 2019(. School list. Retrieved 13/01/2019, 16:49 from https://www.spuvvn.edu/academic_programs/undergraduate_programmes/bedg/